વચગાળાનું રેલવે બજેટ : ભાડાના દર યથાવત

નવી દિલ્હી,તા.૧૨

પ્રથમ વખત રેલવે પ્રધાન બનેલા મલ્લિકાર્જુન ખડગેએ આજે લોકસભામાં ભારે ધાંધલ ધમાલ વચ્ચે વચગાળાનું રેલવે બજેટ ૨૦૧૪ રજુ કર્યુ હતુ જેમાં યાત્રી ભાડા અને નૂરના દર યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવતા રેલવે યાત્રીઓને મોટી રાહત થઈ હતી. સાથે સાથે કુલ ૭૩ નવી ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી જેમાં ૧૭ એસી પ્રિમિયમ, ૩૯ એક્સપ્રેસ, ૧૦ પેસેન્જર, ૪ મેમુ અને ૩ ડેમુ ટ્રેનનો સમાવેશ થાય છે. સાથે સાથે ત્રણ ટ્રેનોના વિસ્તરણ અને ત્રણ ટ્રેનોની ફ્રિકવન્સી વધારવામાં આવી હતી. વચગાળાનું બજેટ હોવાથી વધારે જાહેરાતો કરવામાં આવી ન હતી. બજેટમાં હાઈસ્પીડ ટ્રનની પણ વાત કરવામાં આવી હતી. પ્રિમિયમ ટ્રેનો વિમાનની સુવિધાઓને ધ્યાનમાં લઈને કરવામાં આવી છે. દિલ્હી અને મુંબઈ વચ્ચે પ્રિમિયમ ટ્રેનોની શરૂઆત કરવામાં આવી હતી જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો હતો

આને ધ્યાનમાં લઈને હવે ૧૭ નવા રૂટ પર પ્રિમિયમ ટ્રેનો ચલાવાશે. અરૂણાચલ પ્રદેશના પાટનગર ઈટાનગરને રેલવ નેટવર્કથી જોડવાની વાત કરવામાં આવી છે. યાત્રીઓને રાહત મળે તેવા ઘટનાક્રમમાં શ્રેણીબદ્ધ ટ્રેનોની ઝડપને વધારવાની પણ જાહેરાત કરવામાં આવી હતી. રેલવે પ્રધાન મલ્લિકાર્જુન ખડગેએ અમદાવાદ-મુંબઈ હાઈસ્પીડ ટ્રેન પ્રોજેક્ટને આગળ વધારવાની વાત કરી હતી. સાથે સાથે ચોક્કસ રૂટ ઉપર ટ્રેનોની ગતિને વધારવાની પણ વાત કરી હતી. પ્રધાને કહ્યું હતું કે રેલવે યાત્રીઓની સુવિધા વધે તે હેતુસર રેલવે કટિબદ્ધ છે. વધારે સ્પીડ સાથે વધુ ટ્રેનો દોડાવાની પણ તેઓએ જાહેરાત કરી હતી. પ્રધાને યાત્રીલક્ષી પગલાંઓની જાહેરાત કરતા કહ્યું હતું કે વર્ષ ૨૦૦૬માં રજૂ કરવામાં આવેલી યાત્રીઓને અપગ્રેડેશનેની સ્કીમને લંબાવવામાં આવશે. આને સેકન્ડ ક્લાસ, એસી ચેર કારમાં પણ લંબાવવામાં આવશે. અનેક નવી ટ્રેનોની જાહેરાત કરાઈ હતી. રેલવે પ્રધાને કહ્યું હતું કે ૪૦૦૦ કિલોમીટર લાંબા માર્ગ ઉપર ઈલેક્ટ્રીક ફિકેશનની પ્રક્રિયાની યોજના છે. હાઈસ્પીડ ટ્રેન માટે ફિઝિબિલીટી અભ્યાસનું કામ ચાલી રહ્યું હોવાની પણ તેમણે વાત કરી હતી. રેલવે પ્રધાન મલ્લિકાર્જુન ખડગેએ આજે વચગાળાનું રેલવે બજેટ રજૂ કર્યું હતું. લોકસભાની ચૂંટણી નજીક છે ત્યારે ચાર મહિનાના ખર્ચ માટેનું રેલવે બજેટ ભારે ધાંધલ ધમાલ વચ્ચે રજૂ કરવામાં અવ્યું હતું. રેલવે પ્રધાને પોતાનું પ્રથમ બજેટ રજૂ કરતા વડાપ્રધાન મનમોહનસિંહનો આભાર માન્યો હતો. સાથે સાથે રેલવેની હાલમાં રહેલી સ્થિતિ ઉપર વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. તેમને કબૂલાત કરી હતી કે રેલવેમાં સંશાધનોની અછત છે. રેલવેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવાની જરૂર છે. રેલવે દેશના વિકાસ માટે ખૂબ મહત્વપૂર્ણ હોવાની વાત કરતા તેમને કહ્યું હતું કે રેલવે રાષ્ટ્રીય એકતાના પ્રતિક સમાન છે. રેલવે માટે નવા રોડમેપ બનાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂકતા તેમને કહ્યું હતું કે સંશાધનોની અછતને દૂર કરવા તરત પગલાં જરૂરી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે છઠ્ઠા વેતન પંચની ભલામણોના પરિણામ સ્વરૂપે એક લાખ કરોડનો બોજ પડ્યો છે. નવી રેલવે લાઈનો બિછાવવાની પણ તેમને જાહેરાત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે ૧૧મી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકો વધુ ઝડપથી પૂર્ણ કરવામાં

આવ્યા છે. ૧૨મી યોજનાઓના લક્ષ્યાંકોને પૂર્ણ કરવાનું કામ પણ ઝડપથી થઈ રહ્યું છે. ખડગેએ કહ્યું હતું કે રેલવે એન્જીન અને ડબ્બાઓ લક્ષ્ય કરતા વધુ પ્રમાણમાં બનાવવામાં આવ્યા છે. ઉત્તર પૂર્વમાં બ્રોડગેજ લાઈનો, ઈટાનગરને રેલવેથી જોડવા, વૈષ્ણોદેવીને રેલવે સાથે જોડવાની પણ વાત કરી હતી. રાયબરેલી અને છપરા ખાતે સ્થિત રેલવે ફેક્ટરીમાં ખૂબ ઝડપતી કામ શરૂ તઈ ચૂક્યું છે. સિલોંગને આ વર્ષે રેલવે નેટવર્કથી જોડવાની પ્રધાને વાત કરી હતી. બજેટ ભાષણમાં રાત્રી ભાડા અને નૂરના દરની કોઈ વાત કરવામાં આવી ન હતી. વાર્ષિક રેલવે યોજના ૩૦૨૨૩ કરોડના બજેટ ટેકા સાથે ૬૪૩૦૫ કરોડ કરી દેવામાં આવ્યો છે. દિલ્હી-મુંબઈ સેક્ટર પર પ્રિમિયમ એસી સ્પેશિયલ ટ્રેનનો ઉલ્લેખ કરતા ખડગેએ કહ્યુ હતુ કે ભાડાના ચાર્જમાં કેટલીક બાબતનો ઉલ્લેખ કરવામાં આવશે. ખડગેએ એમ પણ કહ્યુ હતુ કે જાહેર-ખાનગી ભાગીદારી મારફતે જંગી નાણાં ઉભા કરવાની હિલચાલ છે. પ્રધાને એમ પણ કહ્યુ હતુકે રેલવે લેન્ડ ડેવલોપમેન્ટ ઓથોરિટીની રચના ૧૦૦૦ કરોડ રૂપિયાના પડકારરૂપ ટાર્ગેટ સાથે કરાઈ હતી અને ૯૩૭ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવ્યા છે. કર્ણાટક, ઝારખંડ, હરિયાણાની સરકારો રેલવે પ્રોજેક્ટોના ખર્ચને વહેંચવા માટે સહમત થઈ છે.

ખૂબ ઓછા રેટે હોમલોનની એસબીઆઈની નવી ઓફર

ચેન્નાઈ,તા.૧૨

હોમ લોનના ક્ષેત્રમાં રેટને લઈને તીવ્ર સ્પર્ધાને નવો વળાંક આપી દઈને દેશની સૌથ મોટી ધિરાણ આપતી બેંક એસબીઆઈએ નવા હોમલોનની આકર્ષક ઓફર કરી છે. હરીફોના કસ્ટમરોને ખેંચવા માટે ફણ આ ઓફર કરવામાં આવી છે. અન્યો પાસેથઈ લોન લઈ ચૂકેલા આવાસ ખરીદારોને પણ આકર્ષિત કરવાની રણનીતી અપનાવવામાં આવી છે. એસબીઆઈએ ૧૦ટકાના તેના બેઝ રેટથી ઉપર ૧૫ બેઝિક પોઈન્ટ અથવા તો ૧૦.૧૫ ટકાના વ્યાજદરની ૭૫ લાખ સુધીની લોન લેનાર માટે ઓફર કરી છે. ૭૫ લાખ સુધીની લોન ૧૦.૧૫ ટકાના વ્યાજદરે ઉપલબ્ધ કરવાની એસબીઆઈએ ઓફર કરી છે. બેઝ રેટ બેન્ચમાર્ક રેટ છે જેના ઉપર ફ્લોટીંગ રેટ લોન ફરી નક્કી કરવામાં આવે છે.

એસબીઆઈએ અન્ય ઘણી ઓફરો પણ કરી છે. બેન્કે ૩૦ વર્ષ સુધીની મહત્તમ અવધિની પણ વાત કરી છે. હાલમાં જ એચડીએફસી ૭૫ લાખ સુધીની લોન માટે ૧૦.૨૫ ટકાના વ્યાજદરની ઓફર કરે છે. અન્ય ધિરાણદારો પણ આટલા જ રેન્જમાં ઓફર કરે છે. બજારમાં તીવ્ર મંદીની સ્થિતિમાં આવાસના ક્ષેત્રમાં પણ મંદીની સ્થિતિ છે. આવી સ્થિતિમાં બેન્કોની હાલત પણ કફોડી બની ગઈ છે. રિયાલિટી સેક્ટરમાં ઊંચા વ્યાજદરના કારણે લોકો ખરીદી માટે આગળ આવી રહ્યા નથી. આવી સ્થિતિમાં બેન્કો નવી રણનીતિ અપનાવી રહી છે. બેન્કો હવે ૭૫ લાખ સુધીના યુનિફોર્મ રેટની ઓફર કરીને લોનને ટાર્ગેટ બનાવી રહી છે. હજુ સુધી ૩૦ લાખ રૂપિયા સુધીની લોન માટેની પ્રાથમિકતા હતી. ભારતમાં ૮૦ટકા હોમ લોનનો સિલસિલો જારી રહ્યો છે. આ બાબત ૩૦ લાખથી નીચેમાં ઉપલબ્ધ બને છે. એસબીઆઈ ૭૭ ટકા સુધીની હોમલોન ઉપલબ્ધ કરાવે છે. સુંદરમ બીએનપી ૧૭ લાખ સુધીની લોન પણ ઉપલબ્ધ કરાવે છે.

આઈપીએલ-૭ : યુવરાજ સૌથી વધુ મોંઘો ખેલાડી

બેંગ્લોર,તા.૧૨

ભારતના વનડે સ્પેશિયાલિસ્ટ ખેલાડી યુવરાજસિંહ આજે આઈપીએલ-૭ હરાજીમાં સૌથી મોંઘા ખેલાડી તરીકે ઉભરી આવ્યો હતો. યુવરાજસિંહને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આઈપીએલની સાતમી એડિશનની હરાજી પ્રક્રિયામાં ૧૪ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. પ્રથમ દિવસની હરાજીમાં યુવરાજસિંહને સૌથી ઉંચી બોલી લગાડીને ખરીદવામાં આવ્યો હતો. દિનેશ કાર્તિક બીજા સ્થાને રહ્યો હતો. દિનેશ કાર્તિકને દિલ્હી ડેર ડેવિલ્સે ૧૨.૫૦ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. ઈંગ્લેન્ડના કેવિન પિટરસનને ૯ કરોડ રૂપિયામાં દિલ્હી ડેર ડેવિલ્સે ખરીદી લીધો હતો. આજે પ્રથમ દિવસે હરાજીનો દોર ચાલ્યો હતો.

અગાઉ આઈપીએલ-૭ માટે ખેલાડીઓની હરાજીની પ્રક્રિયા આજે સવારે શરૂ થઈ હતી. સૌથી વધારે માંગ શરૂઆતમાં ભારતના સ્ટાર ખેલાડી યુવરાજસિંહની જોવા મળી હતી. યુવરાજસિંહને ૧૪ કરોડ રૂપિયાની કિંમતમાં વેચાયો હતો. રોયલ ચેલેન્જર બેંગ્લોરે યુવરાજસિંહને ૧૪ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. જ્યારે કેવીન પીટરસને દિલ્હી ડે ડેવિલ્સે ૯ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. કોઈ સમયે ટીમ ઈન્ડિયાના વિસ્ફોટક બેટ્સમેન રહી ચૂકેલા વિરેન્દ્ર સહેવાગ ઉપર શરૂઆતમાં બોલી લગાવનાર લોકોમાં ખચકાટ અનુભવ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ તેના ઉપર બોલીની શરૂઆત થઈ હતી. આખરે વિરેન્દ્ર સહેવાગને ૩.૨ કરોડ રૂપિયામાં કિંગ્સ ઈલેવન પંજાબે ખરીદી લીધો હતો. કિંગ્સ ઈલેવન પંજાબે ઓસ્ટ્રેલિયાના આધારભૂત સ્ટ્રાઈક બોલર મિશેલ જોન્સનને ખરીદી લીધો હતો. તેના ઉપર ૬.૫ કરોડ રૂપિયાની બોલી લાગી હતી. બે કરોડ રૂપિયાની બેઝ પ્રાઈઝ ધરાવનાર જેક કાલીસ ઉપર ૫.૫ કરોડ રૂપિયાની બોલી લાગી હતી. કોલકાતા નાઈટ રાઈડર્સે જેક કાલીસને ખરીદી લીધો હતો. કેટલાક ખેલાડીઓ ઉપર કોઈ બોલી બોલાઈ ન હતી જેમાં પાકિસ્તાનના અઝહર મહેબૂબનો સમાવેશ થાય છે. મહિલા

જયવર્ધનેની પણ કોઈએ ખરીદી ન કરતા આશ્ચર્ય થયું હતું. મુરલી વિજય પાંચ કરોડ રૂપિયામાં વેચાયો હતો. પ્રથમ વખત આઈપીએલમાં ખેલાડીઓની બોલી ભારતીય રૂપિયામાં લગાવવામાં આવી હતી. ખેલાડીઓની હરાજીમાં ટોચની સેલિબ્રિટીઓ ઉપસ્થિત રહી હતી. ઈન્ડિયન પ્રીમીયર લીગના ખેલાડીઓ માટે ૯.૪૧ વાગે ખેલાડીઓની હરાજી શરૂ થઈ હતી. કેપ્ડ ખેલાડીઓમાં ૧૬૯ ભારતીય ખેલાડી તથા ૫૦ વિદેશી ખેલાડી હતા. જ્યારે અનકેપ્ડમાં ૨૫૫ ભારતીય અને ૩૭ વિદેશી ખેલાડી હતા. આ વખતે આઈપીએલ હરાજીમાં કુલ ૫૧૪ ખેલાડી સામેલ છે જેમાં ૨૧૯ કેપ્ડ અને ૨૯૨ અનકેપ્ડ તથા ત્રણ ખેલાડી એસોશીએટ દેશના છે. ઈંગ્લેન્ડના વિવાદાસ્પદ કેવીન પીટરસનને લઈને પણ ચર્ચા રહી હતી. હરાજીમાં ખેલાડીઓને ૮થી ૧૦ના ૫૩ સેટમાં વિભાજિત કરાયા હતા. પ્રથમ દિવસે હરાજીની પ્રક્રિયા આશરે પોણા પાંચ વાગ્યે પૂરી થઈ ગઈ હતી. હવે આવતીકાલે હરાજીનો દોર આગળ વધશે. અનેક ખેલાડીઓની બેજ પ્રાઈઝ એક કરોડથી પણ વધારે હતી પરંતુ તેમને કોઈ પણ ખરીદવા આગળ આવ્યા ન હતા. સુદિપ ત્યાગીમાં પણ કોઈ ફ્રેન્ચાઈસીસે રસ દર્શાવ્યો ન હતો. હરાજીની પ્રક્રિયા ત્રણ તબક્કામાં ચાલી હતી જેના ભાગરૂપે એક વખતે ભોજન માટેનો બ્રેક લેવામાં આવ્યો હતો.

મેઘાલય અને અરૂણાચલને રેલવે નેટવર્કથી જોડી દેવાશે

નવી દિલ્હી,તા.૧૨

કેન્દ્રિય રેલવે પ્રધાન મલ્લિકાર્જુન ખડગેએ રેલવે વોટ ઓન એકાઉન્ટ અથવા વચગાળાનું બજેટ રજુ કરતીવેળા મર્યાદિત પહેલોમાં મેઘાલય અને અરૂણાચલમાં રેલવે નેટવર્કથી જોડી દેવાની પણ જાહેરાત કરી હતી. તેમણે કહ્યુ હતુ કે ૨૦૧૪માં આ બંને રાજ્યોને રેલવે નેટવર્કને જોડી દેવામાં આવશે. યુપીએ સરકારની સિદ્ધિઓ પર પ્રકાશ ફેંકતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યુ હતુ કે ઉત્તરપૂર્વના વિસ્તારોને વધુ સારી રીતે જોડી દેવાના હેતુસર રેલવે નેટવર્ક સ્થાપિત કરવામાં આવશે. અમે વર્ષ ૨૦૧૪માં મેઘાલય અને અરૂણાચલને રેલવે નેટવર્કથી જોડી દઈશું. ખડગેએ આની જાહેરાત કરતા કહ્યુ હતુ કે યાત્રીઓને આના લીધે ખુશી થશે. જરૂર મુજબ વધુ ઝડપથી વધુ યાત્રી ટ્રેનો દોડાવવામાં આવશે. ૨૦૦૦ કિલોમીટરના ટાર્ગેટ સામે ૨૦૨૩ કિલોમીટર રેલવે લાઈન બિછાવવામાં આવી હોવાનો તેમણે દાવો કર્યો હતો. પ્રધાને એમ પણ કહ્યુ હતુ કે છઠ્ઠા વેતનપંચની ભલામણોને સફળરીતે પહોંચી વળવામાં અમને સફળતા મળી છે. દેશના વિકાસમાં રેલવેની મહત્વપૂર્ણ ભૂમિકા છે. રેલવે ભારતના તમામ ભાગોને લો કોસ્ટ કનેક્ટિવીટી ઉપલબ્ધ કરાવે છે. રેલવેનું યોગદાન અસામાન્ય રહ્યુ છે. મૂડીરોકાણની જરૂરિયાતો તરફ ધ્યાન આપવામાં આવે તેની જરૂર છે. પ્રથમ રેલવે બજેટમાં રેલવે પ્રધાને મહેસૂલી અછતનો સામનો કર્યો હતો. એપ્રિલ-ડિસેમ્બર ૨૦૧૩ના ગાળા દરમિયાન નૂર અને યાત્રીની કમાણીમાં ઘટાડો થયો છે. નૂરની કમાણી ૮૫૦ કરોડ રૂપિયા ઓછી રહી છે જ્યારે યાત્રી કમાણી આશરે ૪૦૦૦ કરોડ ઘટી છે. મહેસૂલી આવકના ઘટાડાના સંદર્ભમાં ખડગેએ ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે દિલ્હી-મુંબઈ સેક્ટરમાં બર્થની વધી ગયેલી માંગને પહોંચી વળવા સ્પેશિયલ ટ્રેનોમાં ડાઈનેમિક ભાડાઓની જાહેરાત પણ કરી હતી. રેલવે દ્વારા આજે રજુ કરવામાં આવેલા વચ ગાળાના બજેટની દિવસભર ચર્ચા રહી હતી.

મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ કોરિડોર માટે અભ્યાસ જારી

નવી દિલ્હી,તા.૧૨

રેલવે પ્રધાન મલ્લિકાર્જુન ખડગેએ આજે વચગાળાનું રેલવે બજેટ અથવા તો રેલવે વોટ ઓન એકાઉન્ટ ૨૦૧૪ રજૂ કરતી વેળા હાઈસ્પીડ ટ્રેનના મુદ્દે પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે હાઈસ્પીડ ટ્રેન માટે ફિઝિબિલીટી અભ્યાસની પ્રક્રિયા ચાલી રહી છે. દેશમાં હાઈસ્પીડ ટ્રેન પ્રોજેક્ટો માટે કેટલાક પ્રોજેક્ટોમાં પ્રગતિ થઈ રહી છે.

મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ કોરીડોર માટે સંયુક્ત ફિઝીબિલિટી અભ્યાસની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. તેમણે કહ્યું હતું કે આ અભ્યાસની પ્રક્રિયાને ૧૮ મહિનામાં પૂર્ણ કરી લેવામાં આવશે. આ જ કોરિડોર માટે બિઝનેસ ડેવલોપમેન્ટ અભ્યાસની પ્રક્રિયા ફ્રેન્ચ રેલવે દ્વારા હાથ ધરવામાં આવી છે. જેને એપ્રિલ ૨૦૧૪ સુધી પૂર્ણ કરી લેવામાં આવશે. આ બંને અભ્યાસ પૂર્ણ કરી લેવાયા બાદ ભારતીય રેલવે આ પ્રોજેક્ટને આગળ વધારવા અને તેના અમલીકરણ માટેની રૂપરેખા તૈયાર કરશે. હાઈસ્પીડ પ્રોજેક્ટ ઉપરાંત ખડગેએ કહ્યું હતું કે ભારતીય રેલવે દિલ્હી-આગ્રા અને દિલ્હી-ચંદીગઢ જેવા પસંદગીના હાલન રૂટ ઉપર ટ્રેનની ગતિ ૧૬૦-૨૦૦ કિલોમીટર પ્રતિ કલાક માટે ઓછા ખર્ચાળ વિકલ્પોની ચકાસણી કરી રહી છે. ડેડીકેટેડ ફ્રેટકોરિડોરના પરિણામ સ્વરૂપે પરિવહનનો સમય ઘટીને અડધો થઈ જશે. ગયા વર્ષે ડિસેમ્બરમાં સંયુક્ત ફિઝિબિલિટી અભ્યાસની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ફ્રેન્ચ રેલવે દ્વારા બિઝનેસ ડેવલોપમેન્ટ અભ્યાસની પ્રક્રિયા આ વર્ષે એપ્રિલ સુધી પૂર્ણ કરી લેવાશે.

અખિલેશ સરકારની પ્રતિષ્ઠાને ફટકો

ઉ.પ્રદેશમાં સપા નેતા સાથે ત્રાસવાદી શખસના સંબંધો

ફૈઝાબાદ,તા.૧૨

ઉત્તર પ્રદેશમાં અખિલેશ સરકાર કટ્ટરપંથી નેતાઓ પ્રત્યે હળવું વલણ અપનાવી રહી છે તેવા આક્ષેપો ઘણા સમયથી થઈ રહ્યા છે. ઘણા કેસોમાં સામેલ આતંકવાદી આરોપીઓને છોડી મૂકવાની તરફેણ પણ ઉત્તર પ્રદેશ સરકાર દ્વાર કરવામાં આવી ચૂકી છે. કટ્ટરપંથી સંગઠનો સાથે અખિલેશ સરકારના સંબંધોને લઈને વધુ એક કિસ્સો સપાટી ઉપર આવ્યો છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીના નેતા સાથે આતંકવાદી આરોપી નજરે પડતા ખળભળાટ મચી ગયો છે. નવેમ્બર મહિનામાં આંબેડકર નગર ખાતે લેપ્ટોપ વિતરણ કાર્યક્રમમાં સમાજવાદી પાર્ટીના નેતા ગોપીનાથ વર્માની સાથે આતંકવાદી આરોપી સેફ પણ કેમેરામાં કેદ થઈ ગયો હતો. તાંડા હત્યા કેસમાં આરોપી જેમાં હિંદુ યુવા વાહીની નેતા અને તેમના ભત્રીજાની હત્યા કરવામાં આવી હતી.

તે આરોપી સમાજવાદી પાર્ટીના નેતાઓ સાથે સંબંધ ધરાવે છે. સોમવારના દિવસે જ ચોંકાવનારા ફોટા સપાટી ઉપર આવ્યા હતા જેમાં આરોપી સેફ શાસક પાર્ટીના નેતાઓ સાથે મંચ ઉપર પણ નજરે પડે છે. એચવાયવી નેતાને ઠાર મારવામાં આવે તેના થોડાક મહિના પહેલા આ ફોટા પડાયા હતા. આંબેડકર નગરનો નિવાસી સેફની રવિવારના દિવસે ધરપકડ કરવામાં આવી હતી. મોબાઈલ અને ટેબલેટ ઉપર ક્લિપીંગ દર્શાવીને કટ્ટરપંથી તરફ યુવાનોને આકર્ષિત કરનાર આ શખસની ધરપકડ કરાયા બાદ ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ડીજીપી રિઝવાન અહેમદનું કહેવું છે કે તે આતંકવાદી આરોપી છે અને મુંબઈ, તમિલનાડુ અને બિહારમાં ઘણા કેસોમાં વોન્ટેડ છે. તેની અગાઉ પણ ધરપકડ કરવામાં આવી હતી. બીજી બાજુ સમાજવાદી પાર્ટીના નેતા ગોપીનાથ વર્માના કાર્યક્રમમાં તેની ઉપસ્થિતિથી સપાની પ્રતિષ્ઠાને પણ ફટકો પડ્યો છે.

છેલ્લા ત્રણ વર્ષથી ભારતે દેશને પોલિયો મુક્ત કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. આ પ્રસંગે નવી દિલ્હી ખાતે યોજાયેલ પોલીયો મુક્ત કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન મનમોહનસિંહ, દેશના આરોગ્યમંત્રી ગુલામ નબી આઝાદ અને કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષા સોનિયા ગાંધી ઉપસ્થિત રહ્યા હતા.

ગુંડે ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર ધૂમ મચાવે તેવી વકી

ધૂમ-૩ બાદ બોલિવૂડને એક પણ ફિલ્મ એવી મળી નથી જેને બ્લોક બસ્ટર કહી શકાય. જય હો અને ડેઢ ઈશ્કિયાથી ખૂબ સારી અપેક્ષા હતી પરંતુ અપેક્ષાઓ પૂરી થઈ નથી. જય હો ફિલ્મને બોક્સ ઓફિસ ઉપર ચોક્કસ સફળતા મળી છે પરંતુ અપેક્ષા મુજબની સફળતા મળી નથી. હવે તમામ આશાઓ યશરાજ ફિલ્મની ગુંડે ઉપર કેન્દ્રીત થઈ ગઈ છે જે વેલેન્ટાઈન ડેના દિવસે રજૂ કરવામાં આવનાર છે. સામાન્ય રીતે વેલેન્ટાઈન ડે વખતે રોમેન્ટિક ફિલ્મો રજૂ થાય છે પરંતુ આ વખતે એક્શન ફિલ્મ રજૂ થવા જઈ રહી છે. ગુંડે ફિલ્મમાં અર્જુન કપૂર, પ્રિયંકા ચોપડા અને રણવીરસિંહની મુખ્ય ભૂમિકા છે. જે રીતે ગુંડે ફિલ્મનું વાતાવરણ સર્જાયું છે તે જોતા લાગે છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસની પરિક્ષામાં પાસ થશે.

કિડની ડાયાલિસીસ જેવી જ પદ્ધતિ

આધુનિક ટ્રીટમેન્ટ લોહી માટે ખરાબ કોલેસ્ટેરોલ દૂર કરે છે

વોશિંગ્ટન,તા. ૧૨

લોયોલા યુનિવર્સિટી મેડીકલ સેન્ટરે હવે એક એવી સારવાર આપવાની ઓફર કરી છે જે બદલાતી લાઈફ સ્ટાઈલની સાથે કોલેસ્ટેરોલને કાબૂમાં લેવામાં નિષ્ફળ રહેલા દર્દીઓ માટે કિડની ડાયાલિસીસની જેમ જ સારવાર ઉપલબ્ધ કરાવશે. આનાથી લોહીમાંથી ખરાબ કોલેસ્ટેરોલ દૂર થઈ શકશે. અમેરિકામાં હાલમાં જ આ અંગે અભ્યાસના તારણો જારી કરવામાં આવ્યા છે. આ યુનિવર્સિટી મેડીકલ સેન્ટરે જે ટ્રીટમેન્ટની પદ્ધતિ વિકસાવી છે તેનું નામ એલડીએલ એફરેસીસ નામ આપવામાં આવ્યું છે. બે સપ્તાહમાં એક વખત એક દર્દી બે અથવા ચાર કલાક સુધી આ ટ્રીટમેન્ટની મદદ લઈ શકશે અને દર્દીના એલડીએલ (ખરાબ) કોલેસ્ટેરોલ પૈકી ૭૦થી ૮૦ ટકા ખરાબ કોલેસ્ટેરોલને દૂર કરાવી શકાશે. આ પદ્ધતિના ભાગરૂપે એક મહાકાય અતિ આધુનિક મશીન દર્દી સાથે બેથી ચાર કલાક સાથે કનેક્ટ કરી લેવામાં આવે છે. જો કે આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન સારા એચડીએલ કોલેસ્ટેરોલને દૂર કરાતા નથી.

લોયોલા મધ્ય પશ્ચિમમાં ખૂબ ઉપયોગી સેન્ટરો પૈકી એક છે જે શિકાગોમાં શૈક્ષણિક મેડીકલ સેન્ટર ઉપલબ્ધ કરાવે છે. સાથે સાથે એલડીએલ એફરેસીસની ઓફર કરે છે. લોયોલા એલડીએલ એફરેસીસ પ્રોગ્રામમાં કોરોનરી હાર્ટ ડિસીસ સાથે જોડાયેલા દર્દીઓને પણ આવરી લેવામાં આવે છે. આ પ્રકારના દર્દીઓમાં ૨૦૦ એમજી પબ્લિક ડીએલ કરતા વધારે એલડીએલ કોલેસ્ટેરોલ ધરાવે છે. દર્દીઓની પ્રતિક્રીયાઓ ખૂબ સારી નોંધાઈ છે. આવનાર દિવસોમાં આ નવી ટેકનોલોજીને લઈને વધુ લોકો આગળ આવે તેવી શક્યતા છે. આ સર્જરીની મદદ ઘણા લોકો લઈ ચૂક્યા છે. લોયોલાના ટ્રાન્સફ્યુઝન સર્વિસના તબીબી નિષ્ણાંતોની મદદ હેઠળ એલડીએલ એફરેસીસ સારવારની પદ્ધતિ હાથ ધરવામાં આવે છે.

રેલવે બજેટથી ભારતીય ઉદ્યોગ જગત પૂર્ણ સંતુષ્ટ

નવી દિલ્હી,તા.૧૨

વચગાળાનું રેલવે બજેટ આજે રજુ કરવામાં આવ્યા બાદ ભારતીય કંપનીઓએ પણ ખુશી વ્યક્ત કરી હતી અને કહ્યુ હતુ કે સરકારે દેશના વિશાળ રેલવે નેટવર્કના વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે જે ખૂબ સારી બાબત છે. આધુનિકીકરણ પર ધ્યાન આપવામાં આવી રહ્યુ છે. યાત્રી ભાડાને સ્પર્શ કર્યા વગર આધુનિકીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરાયુ છે. નૂરના દર યોગ્યદિશામાં પગલા સમાન છે. બજેટમાં લેવામાં આવેલા પગલા અંગે પ્રતિક્રિયા આપતા પીએચડી ચેમ્બર્સ ઓફ કોમર્સના પ્રમુખ શરદ જયપુરિયાએ કહ્યુ હતુ કે જંગી મૂડીરોકાને ખેંચવા માટે યોગ્ય પગલા લેવામાં આવ્યા છે. આધુનિકીકરણ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે. રેલવેમાં વિદેશી મૂડીરોકાણ લાવવાના પ્રયાસો પણ હાથ ધરાયા છે જે લોકોને ગમી જશે. દેશના સૌથી મોટા પરિવહન નેટવર્કનેઆધુનિક બનાવવાના પ્રયાસરૂપે ખાનગી અને એફડીઆઈના સમાવેશની વાત થઈ રહી છે જે ખૂબ સારી બાબત છે.

સમાચાર ઝલક

- સોનાની દાણચોરીમાં વધારો થયો. દેશનાં અનેક એરપોર્ટો પર સોનાની તસ્કરી કરતાં અનેક લોકો પોલીસના હાથે ચડ્યા.
- અજાણી ભૂલો માટે અધિકારીઓને હેરાન કરાશે નહી : મનમોહનસિંહ
- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દીઠ ઓડિટની સંખ્યા વધારીને ૬૦ કરવાનો નિર્ણય કરાયો.
- અમદાવાદ વિમાનીમથક સોનાની દાણચોરીમાં સ્વર્ગ સમાન. દરરોજ સોનું પકડાય છે.
- સહકારી સંસ્થાઓમાં સહકારી નિમણુકોને રદ કરવા સરકારનો અધિકાર : હાઇકોર્ટ.
- જમ્મુ-કાશ્મીરના કારગિલમાં સિઝનનો સૌથી ઠંડો દિવસ, માઇનસ ૨૩.૪ ડિગ્રી તાપમાન નોંધાયું.
- મંગળ પર યાન મોકલવા અમેરિકા ફ્રાન્સે કરાર કર્યો.
- વિશ્વકર્મા જયંતીની ગુજરાતમાં ઉજવણી કરાઇ.
- નારાયણ સાંઇ કેસમાં ડી.સી.પી. શોભા ભૂતડાને ધમકી આપનારો મધ્યપ્રદેશનો રાજુ યાદવ ઝડપાયો.
- રાજકોટમાં એક જ દિવસમાં લાખો રૂપિયાની બે લૂંટ.
- બેંકોમાં હડતાળ બાદ કેન્દ્રીય કર્મચારીઓની હડતાળ.
- ઉનાળુ ફળ દેખાવા લાગ્યા, સક્કરટેટી, દ્રાક્ષ, તરબૂચ, બજારમાં આવ્યા.
- ગીરના સિંહોના સ્થળાંતર મુદ્દે સુપ્રીમમાં રીટ કરતાં ફેર વિચારણાની સંભાવના.
- પાકિસ્તાને ઊંચા ભાવે કપાસની ખરીદી કરતાં ગુજરાત-આંધ્રપ્રદેશ-મહારાષ્ટ્રનાં ખેડૂતો હર્ષાતુર.
- ઘઉંના બમ્પર ઉત્પાદનની ધારણા, માર્ચમાં આવક વધતા ભાવ ઘટશે.
- માઉથ ફ્રેશનર્સનો ઉપયોગ ખતરનાક સાબિત થઇ શકે છે.
- સલમાન ખાનને મિત્રોને રિસ્ટવોચ ગીફ્ટ આપવાનો અનોખો શોખ.